નવાપુરમાં કાપડની ફેક્ટરીમાં ભીષણ આગ, કરોડોનું નુકસાન

નવાપુર નગરપાલિકા પાસે એક જ ફાયર ફાઈટર હોવાથી આગને કાબુમાં લેવામાં મુશ્કેલી પડી

શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું અનુમાન, મંદીને કારણે ફેક્ટરીમાં માલનો મોટો સ્ટોક હતો

વ્યારાઃ તાપી જિલ્લાની બોર્ડર નજીક આવેલા મહારાષ્ટ્રના નવાપુર શહેરની એમઆઈડીસી વિસ્તારમાં બે વર્ષ પહેલાં શરૂ થયેલી નિજો ફેશન પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં સોમવારે બપોરે 12 કલાકે કામદારો કામ કરી રહ્યા હતા. ત્યારે અચાનક ભીષણ આગ ફાટી નીકળતા સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. આગ એટલી વિકરાળ હતી કે તેની બાજુમાં આવેલી એક ફેક્ટરીને પણ ચપેટમાં લીધી હતી. જેથી ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી જોવા મળ્યા હતા.

ઘટનાની જાણ થતા જ નવાપુર નગરપાલિકાનું અગ્નિશમન દળ ઘટનાસ્થળે પહોંચી ગયું હતું. જોકે, નવાપુર નગરપાલિકા પાસે માત્ર એક જ ફાયર ફાઈટર હોવાથી આગ પર કાબૂ મેળવવામાં ભારે મુશ્કેલી પડી હતી. પરિસ્થિતિની ગંભીરતા જોઈને પાણી પુરવઠા સભાપતિ શરદ રાજપૂતે તાત્કાલિક સોનગઢ, સાક્રી અને નંદુરબારથી વધારાના ફાયર ફાઈટરો મંગાવ્યા હતા. સ્થાનિક નાગરિકો અને અન્ય કંપનીના કામદારોએ પણ આજુબાજુની દુકાનોમાંથી સામાન બહાર કાઢવામાં અને આગ ઓલવવામાં મદદ કરી હતી. ઘટનાની જાણ નવાપુરના મામલેદાર દત્તાત્રય જાધવ અને પી.આઈ.અભિષેક પાટીલને થતાં તેઓ ટીમ સાથે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. વહીવટી તંત્રએ ભીડને કાબૂમાં લીધી હતી અને અગ્નિશમન કામગીરીને વેગ આપ્યો હતો. કંપનીના માલિકના જણાવ્યા અનુસાર, આ આગમાં મશીનરી, કાચો માલ અને તૈયાર કાપડ બળીને ખાખ થઈ જવાથી કરોડો રૂપિયાનું નુકસાન થયું છે.

સદ્નસીબે, આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ નથી થઈ હતી. આગ લાગવાનું પ્રાથમિક કારણ શોર્ટ સર્કિટ હોવાનું મનાઈ રહ્યું છે, પરંતુ પોલીસ અને ફાયર વિભાગ દ્વારા તેની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી છે. પંચનામા બાદ નુકસાનનો અંદાજ સામે આવશે. છેલ્લા કેટલાક સમયથી કાપડ બજારમાં મંદીનો માહોલ હોવાથી તૈયાર માલનો જોઈએ તેટલો ઉપાડ થતો ન હતો. આ કારણે ફેક્ટરીમાં તૈયાર કપડાનો મોટો જથ્થો સ્ટોક તરીકે રાખવામાં આવ્યો હતો. કંપનીના માલિકને આશા હતી કે સ્થિતિ સુધરતા આ માલ સુરતના માર્કેટમાં મુકવામાં આવશે, પરંતુ તે પહેલા જ કુદરતે રુદ્ર રૂપ ધારણ કરતા અત્યારે કંપનીના માલિકને ભારે આર્થિક અને માનસિક મુશ્કેલીમાં મુકાયા છે.

નવાપુર એમઆઈડીસી મોટું ઈન્ડસ્ટ્રિયલ ઝોન પરંતુ સુરક્ષાના નામે મીંડું

આ ઘટનાએ નવાપુર એમઆઈડીસીમાં સુરક્ષાના સાધનોના અભાવને ઉજાગર કર્યો છે. સુરતના ઘણા ઉદ્યોગપતિઓ અને સ્થાનિકોમાં રોષ છે કે આટલા મોટા ઇન્ડસ્ટ્રિયલ ઝોન માટે પૂરતી અગ્નિશમન સુવિધા કેમ નથી? આ ભયાનક દુર્ઘટના બાદ હવે વહીવટી તંત્ર જાગશે અને ભવિષ્યમાં આવી ઘટનાઓ રોકવા માટે પગલાં લેશે તેવી આશા રાખવામાં આવી રહી છે.

શિવરાજ ઝાલા સામે વધુ એક ગુનો

ધંધો કરવો હોય તો હપ્તો આપવો પડશે કહી વેપારીને મારી નાંખવાની ધમકી આપી હતી

સુરત : ભાઠેનાના કુખ્યાત ઉધના વિસ્તારમાં એક ફ્રૂટ વેપારીને આંતરી, ચપ્પુ બતાવી ૧.૨૫ લાખ રૂપિયાની ખંડણી વસૂલ કરી હોવાની ફરિયાદ ઉધના પોલીસ મથકે નોંધાતા ગુનાખોરી આલમમાં ફફડાટ વ્યાપી ગયો છે.પોલીસે આ મામલે શિવા અને તેના સાગરીતો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



મૂળ મહારાષ્ટ્રના જલગાંવના વતની અને હાલ સુરતના નવસારી બજાર, મોમનાવાડ ખાતે રહેતા ૨૬ વર્ષીય કેસરઅલી આબેદઅલી સૈયદ ફ્રૂટના વેપાર સાથે સંકળાયેલા છે. ગત ૪થી જાન્યુઆરીના રોજ રાત્રિના સમયે કેસરઅલી પોતાના ધંધાના કલેક્શનના રૂપિયા લઈને ભાઠેના સ્થિત મિલેનિયમ-૪ માર્કેટ પાસેથી પસાર થઈ રહ્યા હતા.

આ દરમિયાન તેઓ નવકેતન સોસાયટી પાસે તેમના મિત્ર અને અન્ય ફ્રૂટ વેપારી મુસ્તાન સૈયદ શેખ સાથે વાતચીત કરી રહ્યા હતા. રાત્રિના આશરે ૧૧ વાગ્યાના સુમારે કાળા રંગની બુલેટ પર સવાર થઈને કુખ્યાત શિવરાજસિંહ ઉર્ફે શિવો દરબાર ઝાલા અને તેની સાથે અન્ય એક મોપેડ પર તેના ત્રણ સાગરીતો ધસી આવ્યા હતા.

શિવાએ વેપારીને ધમકાવતા જણાવ્યું હતું કે,"તું ફ્રૂટના ધંધામાં બહુ રૂપિયા કમાય છે અને શિવા ગેંગને ભૂલી ગયો છે?

જો સુરતમાં શાંતિથી ધંધો કરવો હોય તો મારી ગેંગને અલગથી હપ્તો ચૂકવવો પડશે."ધમકી આપ્યા બાદ શિવરાજસિંહે વેપારી કેસરઅલીના ખિસ્સામાંથી બળજબરીપૂર્વક ૨૫ હજાર રૂપિયા કાઢી લીધા હતા. આટલેથી ન અટકતા, તેની સાથે મોપેડ પર આવેલા સાગરીત સોહેલ ઘડિયાળીએ વેપારીને બે-ત્રણ તમાચા ઝીંકી દીધા હતા અને ચપ્પુ કાઢી જીવથી મારી નાખવાની ધમકી આપી હતી.

સોહેલે વેપારીના પેન્ટના ખિસ્સામાં તપાસ કરી અન્ય ૧ લાખ રૂપિયા પણ લૂંટી લીધા હતા. આમ, કુલ ૧.૨૫ લાખ રૂપિયાની સરેઆમ લૂંટ ચલાવી શિવા ગેંગે ત્યાં આતંક મચાવ્યો હતો.લૂંટ ચલાવ્યા બાદ જતાં-જતાં શિવરાજસિંહ ઝાલાએ વેપારીને ખુલ્લી ચેતવણી આપી હતી કે, જો હવે પછી નિયમિત રીતે 'શિવા ગેંગ'ને હપ્તાના પૈસા નહીં પહોંચાડે તો તેને જીવતો છોડવામાં આવશે નહીં.આ ધમકીથી ડરી ગયેલા વેપારીએ અંતે હિંમત ભેગી કરી ઉધના પોલીસ મથકનું શરણું લીધું હતું.હાલ પોલીસે વેપારીની ફરિયાદના આધારે શિવરાજસિંહ ઉર્ફે શિવો દરબાર ઝાલા રહે. પંચશીલ નગર વિભાગ -૦૧, ઉમીયામાતાના મંદીરની પાછળ ભાઠેના, રામ ઝાલા રહે.પંચશીલ નગર વિભાગ -૦૧, ઉમીયામાતાના મંદીરની પાછળ ભાઠેના,શાહરૂખ ઉર્ફે શાહરૂખ સેવન ,રોહીત ભીખુભાઈ રાઠોડ રહે. ડીંડોલી તથા સોહેલ ઉર્ફે સોહેલ ઘડીયાળી સહીત પાંચ ઈસમો સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

રેતી ખાલી કરતી વખતે પગ લપસતાં નવી બંધાતી બિલ્ડિંગમાંથી પટકાતા મોત

સુરતઃ નવી સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ રાજસ્થાન બાસવાડા જિલ્લાના વતની ઉદયસિંગ ગરાસિયા હાલ ડીંડોલી મધુરમ સર્કલ પાસે નવી બંધાતી પ્રયોશા જ્વેલ નામની બિલ્ડિંગમાં પત્ની રક્ષા (22 વર્ષ) તેમજ ત્રણ માસના પુત્ર સાથે રહે છે અને આ જ બિલ્ડિંગમાં દંપતી મજૂરી કામ કરતા હતા. સોમવારે સવારે તેઓ બિલ્ડિંગમાં કામ કરી રહ્યા હતા. ત્યારે રક્ષા બિલ્ડિંગના દસમા માળે કામ કરી રહી હતી. દરમિયાન તે રેતી ખાલી કરતી હતી. ત્યારે તેણીનો પગ લપસી જતા તે લિફ્ટના ભાગેથી નીચે પટકાઈ હતી. જેથી તેને 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું મોત થયું હતું.

પાનના ગલ્લાઓ પર ઈ-સિગારેટ પહોંચાડતો સપ્લાયર પકડાયો

પકડાયેલા અનસ ઘડિયાળીનું નામ માર્ચમાં વરાછાના કેસમાં બહાર આવ્યું હતું, ત્યારથી વોન્ટેડ હતો

સુરતઃ વરાછા પોલીસ મથકે નોંધાયેલા ઈ-સિગારેટના વેચાણના ગુનામાં છેલ્લા બે મહિનાથી નાસતા-ફરતા મુખ્ય આરોપીને એસ.ઓ.જી. ની ટીમે બાતમીના આધારે નાનપુરા વિસ્તારમાંથી ઝડપી પાડ્યો છે. પકડાયેલો આરોપી શહેરના પાનના ગલ્લાઓ પર પ્રતિબંધિત ઈ-સિગારેટ અને વિદેશી હુક્કાનો જથ્થો સપ્લાય કરતો હોવાનું બહાર આવ્યું છે.

ગત ૧૬ માર્ચ ૨૦૨૬ના રોજ એસ.ઓ.જી.એ અમન દીપકભાઈ ગોડિયા નામના શખ્સને ૩૯ હજારની કિંમતની ઈ-સિગારેટના જથ્થા સાથે પકડ્યો હતો. જે-તે સમયે પૂછપરછમાં બહાર આવ્યું હતું કે આ જથ્થો અનસ ઘડિયાળીએ પૂરો પાડ્યો હતો. ત્યારથી અનસ પોલીસની પકડથી દૂર હતો. તેની વિરુદ્ધ ઈ-સિગારેટ પ્રોહિબિશન એક્ટ-૨૦૧૯ હેઠળ વરાછા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસે અક્ષર કોમ્પ્લેક્સ નજીકથી ૩૧ વર્ષીય અનસ યુસુફભાઈ ઘડિયાળી (રહે. અક્ષર કોમ્પ્લેક્સ, નાનપુરા) ને દબોચી લીધો હતો. ઝડપાયેલો આરોપી અનસ ઘડિયાળી રીઢો ગુનેગાર હોવાનું તપાસમાં ખુલ્યું છે.

વર્ષ ૨૦૨૪માં પણ અઠવા પોલીસ સ્ટેશનમાં તેની વિરુદ્ધ પ્રતિબંધિત ઈ-સિગારેટના ઉત્પાદન, વેચાણ અને વિતરણ અંગેનો ગુનો નોંધાઈ ચૂક્યો છે. એસ.ઓ.જી.ના નાયબ પોલીસ કમિશનર રાજદીપસિંહ નકુમ અને પી.આઈ. એ. એસ. સોનારાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ટીમ પેટ્રોલીંગમાં હતી.

આ દરમિયાન એ.એસ.આઈ. હર્ષદભાઈ અને હેડ કોન્સ્ટેબલ જીતેન્દ્રસિંહને મળેલી બાતમીને પગલે અનસ પકડાયો હતો.

RTE વિદ્યાર્થીઓ પાસેથી વધારાની ફી વસૂલતી શાળાઓ સામે પગલા લેવાશે

એક્ટિવિટી, કેન્ટીન અને ટ્રાન્સપોર્ટ ફી વાલીઓ પર દબાણ ન કરવા DEOની તાકીદ

NSUIની રજૂઆતને પગલે તમામ ખાનગી શાળાઓને પરિપત્ર પાઠવાયો

સુરતઃ રાઈટ ટુ એજ્યુકેશન (RTE) એક્ટ હેઠળ ખાનગી શાળાઓમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ પાસેથી વિવિધ નામે વધારાની ફી ઉઘરાવવાના મામલે હવે જિલ્લા શિક્ષણ તંત્ર સક્રિય બન્યું છે. સુરતની કેટલીક ખાનગી શાળાઓ દ્વારા આરટીઈ હેઠળ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓ પાસેથી શૈક્ષણિક ફી ઉપરાંત એક્ટિવિટી, કેન્ટીન, ટ્રાન્સપોર્ટ અને અન્ય સુવિધાઓના નામે રકમ વસૂલાતી હોવાની ફરિયાદો સામે આવતા જિલ્લા શિક્ષણાધિકારી ડો. ભગીરથ પરમારે કડક વલણ અપનાવ્યું છે.

આ મુદ્દે કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ નેશનલ સ્ટુડન્ટ્સ યુનિયન ઓફ ઈન્ડિયા (NSUI) દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીને લેખિત રજૂઆત કરવામાં આવી હતી. રજૂઆતમાં જણાવાયું હતું કે આરટીઈ હેઠળ મફત શિક્ષણનો લાભ મેળવનારા ગરીબ અને વંચિત વર્ગના વિદ્યાર્થીઓના વાલીઓ પર કેટલીક શાળાઓ વધારાની ફી ભરવા દબાણ કરી રહી છે. ફી નહીં ભરાય તો વિદ્યાર્થીઓને પ્રવૃત્તિઓથી દૂર રાખવા અથવા માનસિક દબાણ સર્જવાના આક્ષેપો પણ રજૂઆતમાં કરવામાં આવ્યા હતા. રજૂઆતને ગંભીરતાથી લઈને જિલ્લા શિક્ષણાધિકારી ડો. ભગીરથ પરમારે તાત્કાલિક તમામ ખાનગી પ્રાથમિક શાળાઓને પરિપત્ર પાઠવી સ્પષ્ટ સૂચનાઓ જાહેર કરી છે. પરિપત્રમાં જણાવાયું છે કે આરટીઈ એક્ટ-૨૦૦૯ મુજબ ધોરણ-૧માં પ્રવેશ મેળવનાર નબળા અને વંચિત વર્ગના બાળકોને સંપૂર્ણપણે વિનામૂલ્ય શિક્ષણ આપવાનું કાનૂની બાંહેધરી છે. આવી સ્થિતિમાં શાળાઓ કોઈપણ પ્રકારની શૈક્ષણિક ફી કે ફરજિયાત વધારાની ફી લઈ શકતી નથી. શિક્ષણ વિભાગે વધુમાં સ્પષ્ટતા કરી છે કે એક્ટિવિટી, કેન્ટીન, ટ્રાન્સપોર્ટ જેવી સુવિધાઓ ફરજિયાત શ્રેણીમાં આવતી નથી. જો કોઈ વાલી સ્વૈચ્છિક રીતે આ સુવિધાનો લાભ લે તો જ તે અંગે વિચારણા થઈ શકે, પરંતુ કોઈપણ સંજોગોમાં વાલીઓને ફી ભરવા માટે દબાણ કરી શકાશે નહીં. સૂત્રો મુજબ છેલ્લા કેટલાક સમયથી અનેક વાલીઓ દ્વારા મૌખિક અને લેખિત ફરિયાદો કરવામાં આવી રહી હતી કે કેટલીક શાળાઓ આરટીઈ વિદ્યાર્થીઓને અન્ય વિદ્યાર્થીઓથી અલગ વર્તન આપી રહી છે અને વિવિધ કારણોસર નાણાકીય દબાણ ઉભું કરી રહી છે. જેના કારણે વાલીઓમાં અસંતોષ ફેલાયો હતો.

અમરોલી શાંતિ નગરનાં બંધ મકાનમાં આગ, કોઈ જાનહાનિ નથી

સુરતઃ અમરોલી સ્થિત ઓમ શાંતિ નગર સોસાયટીમાં આવેલાં એક બંધ મકાનમાં આજે સવારે આગ લાગી ગઈ હતી. મકાનમાં રહેતા સભ્યો કામ ઉપર નિકળી ગયા હતા.

દરમિયાન આગ લાગી જતા આસપાસમાં રહેતા સભ્યો પણ એકત્ર થઈ ગયા હતા. ફાયર બ્રિગેડને જાણ કરાતા કોસાડ ફાયર બ્રિગેડનો કાફલો સ્થળ ઉપર પહોંચી ગયો હતો. કોસાડ ફાયર સબ ઓફિસર મારૂતી સોનવણેએ જણાવ્યું હતું કે, ફાયર બ્રિગેડની ટીમ જ્યારે સ્થળ ઉપર પહોંચી હતી ત્યારે રૂમનો દરવાજો લોક હતો. ધુમાડાનુ પ્રમાણ પણ ખુબ મોટા પ્રમાણમાં હોવાથી ફાયર ફાઈટરોએ રૂમની પાછળની તરફનો દરવાજો તોડીને પ્રવેશ કરીને આગલ પર કાબુ કર્યો હતો. આગ મંદિરમાં દિવો પ્રગટાવ્યા બાદ લાગી હોવાનું પ્રાથમિક તારણ સામે આવ્યું છે. કોઈ જાનહાનિ થઈ નથી.

એક તરફ વેકેશન અને બીજી તરફ ફ્લાઈટો રદ થવાથી લોકો ભારે હેરાન

દીવ-સુરત ઈન્ડિગો ફ્લાઇટ ટેકનિકલ ખામીથી રદ, પ્રવાસીઓ અટવાયા

જુલાઈથી કોલકાતા-સુરત ફ્લાઇટ અઠવાડિયામાં માત્ર 4 દિવસ જ ચાલશે, ફ્રિકવન્સીમાં ઘટાડો કરાયો

સુરતઃ ટેકનિકલ ખામીના કારણે આજે ઈન્ડિગોની દીવ-સુરત ફ્લાઈટ અચાનક રદ કરવામાં આવતા ઉનાળાની રજાઓમાં દીવ ફરવા ગયેલા સુરતના અનેક પ્રવાસીઓ મુશ્કેલીમાં મુકાયા હતા. ફ્લાઈટ રદ થવાની જાણ થતાં જ એરપોર્ટ પર મુસાફરોમાં ગૂંચવણ અને નારાજગીનો માહોલ સર્જાયો હતો.

મળતી માહિતી મુજબ, એરક્રાફ્ટમાં સર્જાયેલી ટેકનિકલ સમસ્યાને પગલે સુરક્ષાના કારણોસર ઈન્ડિગોએ દીવથી સુરત આવતી ફ્લાઈટ રદ કરવાનો નિર્ણય લીધો હતો. ફ્લાઈટ રદ થતાં દીવમાં રોકાયેલા મુસાફરોને પરત ફરવા માટે વધારાનો દિવસ રોકાવાની ફરજ પડી હતી. ખાસ કરીને પરિવાર સાથે વેકેશન માણવા ગયેલા પ્રવાસીઓ માટે રહેઠાણ અને અન્ય ખર્ચનો પ્રશ્ન ઊભો થયો હતો. એરલાઈન દ્વારા મુસાફરોને બીજા દિવસે દીવથી સુરત માટેની વૈકલ્પિક ફ્લાઈટ ટિકિટ ઓફર કરવામાં આવી હતી. સાથે જ, જે મુસાફરો મુસાફરી રદ કરવા ઈચ્છતા હોય તેમને સંપૂર્ણ રિફંડ આપવાની તૈયારી પણ દર્શાવવામાં આવી હતી. જોકે, ઘણા મુસાફરોએ અંતિમ ક્ષણે ફ્લાઈટ રદ થતાં મુશ્કેલી અને અસુવિધા અંગે નારાજગી વ્યક્ત કરી હતી.

બીજી તરફ, સુરત એર કનેક્ટિવિટી માટે વધુ એક મહત્વના ડેવલપમેન્ટમાં ઈન્ડિગો એરલાઈને કોલકાતા-સુરત-કોલકાતા ફ્લાઈટ સેવામાં ઘટાડો કરી રહી હોવાનું સામે આવ્યું છે. જુલાઈ-2026થી આ સેક્ટરમાં ફ્લાઈટ અઠવાડિયામાં માત્ર ચાર દિવસ જ ઓપરેટ થશે. હાલ આ રૂટ પર વધુ દિવસોની સેવા ઉપલબ્ધ હોવાથી વેપારીઓ અને મુસાફરોને અનુકૂળતા રહેતી હતી. ફ્લાઈટ ફ્રીક્વન્સીમાં ઘટાડાના નિર્ણયથી વેપાર વર્ગ તેમજ પૂર્વ ભારત સાથે અવરજવર કરતા મુસાફરોમાં નિરાશા જોવા મળી રહી છે. સુરતથી કોલકાતા વચ્ચે ટેક્સટાઈલ અને ડાયમંડ ઉદ્યોગને કારણે મોટી સંખ્યામાં વેપારીઓ અવરજવર કરતા હોવાથી આ નિર્ણયની અસર મુસાફરી પર પડી શકે છે. એવિએશન ક્ષેત્ર સાથે જોડાયેલા સૂત્રોના જણાવ્યા મુજબ, મુસાફરોની સંખ્યા, ઓપરેશનલ પ્લાનિંગ અને એરક્રાફ્ટ ઉપલબ્ધતા જેવા મુદ્દાઓને ધ્યાનમાં રાખીને એરલાઈન્સ દ્વારા સમયાંતરે રૂટ અને ફ્રીક્વન્સીમાં ફેરફાર કરવામાં આવતા હોય છે.

ઓખા-તિરુપતિ નવી સાપ્તાહિક ટ્રેનનો પ્રારંભ, સુરતમાં હોલ્ટ

તિરુપતિ બાલાજીના દર્શને જતા શ્રદ્ધાળુઓની લાંબા સમયની માંગ સંતોષાઈ

દર સોમવારે ઓખાથી ઉપડશે અને બુધવારે તિરુપતિ પહોંચશે

ટ્રેન નું સમયપત્રક અને રૂટ

પશ્ચિમ રેલવે દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતો મુજબઃ ટ્રેન નંબર 19560 (ઓખા-તિરુપતિ): આ ટ્રેન દર સોમવારે રાત્રે 11:35 કલાકે ઓખાથી રવાના થશે. મુસાફરી દરમિયાન તે મંગળવારે સવારે 8:00 વાગ્યે અમદાવાદ પહોંચશે અને બુધવારે રાત્રે 11:30 કલાકે તિરુપતિ સ્ટેશન પર વિરામ લેશે. આ ટ્રેનનો પ્રથમ ફેરો 11 મે 2026 થી શરૂ કરવામાં આવ્યો છે.

ટ્રેન નંબર 19559 (તિરુપતિ-ઓખા): વળતી દિશામાં આ ટ્રેન દર ગુરુવારે સવારે 8:15 કલાકે તિરુપતિથી ઉપડશે. તે શનિવારે વહેલી સવારે 1:10 વાગ્યે અમદાવાદ અને ત્યારબાદ સવારે 11:50 કલાકે ઓખા પહોંચશે. આ સેવાનો પ્રારંભ 14 મે 2026 થી થશે.

સુરતઃ દક્ષિણ ભારત તરફ પ્રયાણ કરતા મુસાફરો અને ખાસ કરીને ભગવાન વેંકટેશ્વરના દર્શને જતા તિરુપતિના શ્રદ્ધાળુઓ માટે પશ્ચિમ રેલવે દ્વારા એક મહત્વપૂર્ણ ભેટ આપવામાં આવી છે. સુરત સહિત દક્ષિણ ગુજરાતના મુસાફરોની વર્ષો જૂની માંગને ધ્યાને રાખીને રેલવે પ્રશાસન દ્વારા ઓખા-તિરુપતિ સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેન શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નવી ટ્રેન સેવાથી સુરત, ભરૂચ, વડોદરા અને અમદાવાદ જેવા મુખ્ય શહેરોને તિરુપતિ સાથે સીધું રેલ જોડાણ મળશે. અત્યાર સુધી સુરત કે આસપાસના વિસ્તારોમાંથી તિરુપતિ જવા માટે મુસાફરોએ અન્ય ટ્રેનોમાં કનેક્ટિવિટી શોધવી પડતી હતી અથવા ટ્રેનો બદલવાની મથામણ કરવી પડતી હતી. ખાસ કરીને તહેવારો અને રજાઓના દિવસોમાં ટિકિટ કન્ફર્મ મળવી મુશ્કેલ બનતી હતી. હવે આ નવી સીધી ટ્રેન શરૂ થવાથી મુસાફરોનો સમય બચશે અને મુસાફરી વધુ સુવિધાજનક બનશે. રેલવેના જણાવ્યા અનુસાર, આ ટ્રેનમાં મુસાફરોની સુવિધા માટે સેકન્ડ એસી (2AC), થર્ડ એસી (3AC), સ્લીપર ક્લાસ અને જનરલ કોચની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

સાયબર ફ્રોડ કેસમાં આરોપીની આગોતરાં જામીન અરજી ફગાવતી કોર્ટ

સુરતઃ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશને નોંધાયેલાં ગુનામાં ધરપકડથી બચવા માટે આરોપી આશિષ કિરીટકુમાર પટેલ (સાવલી,વડોદરા)એ કરેલી આગોતરાં જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી. આ આગોતરાં જામીન અરજીનાં વિરોધમાં ફરિયાદ પક્ષે સરકારી વકીલ રાજેશ ડોબરીયાએ દલીલો કરી હતી કે અરજદાર ગંભીર આર્થિક ગુનામાં સાજિશમાં સંડોવાયેલ છે. દેશભરમાં ફેલાયેલા ગંભીર આર્થિક ગુનાથી જોડાણ છે. ખોટી કંપનીઓ બનાવી ખાતાઓમાં સાયબર ઠગાઈની રકમ જમા કરાવી હતી. બંને પક્ષોની દલીલો અને દસ્તાવેજી પુરાવાને ધ્યાને રાખીને સેશન્સ કોર્ટે આરોપી ની આગોતરાં જામીન અરજી નામંજૂર કરી હતી.

વિશ્વ નર્સિંગ દિવસ દર્દીઓ માટે દિવસ-રાત ખડેપગે સેવા આપતો નર્સિંગ સ્ટાફ માનવતાનો સાચો રક્ષક

સફેદ એપ્રનમાં માનવતાની મૂર્તિ એટલે નર્સ

હોસ્પિટલ વ્યવસ્થામાં ડોક્ટર જેટલી જ નર્સોની ભૂમિકા મહત્વપૂર્ણ

સુરતઃ સુરત નવી સિવિલ હોસ્પિટલમાં રોજબરોજ હજારો દર્દીઓ સારવાર માટે આવતા હોવાથી નર્સિંગ સ્ટાફ પર સતત કામનું દબાણ રહે છે. છતાં પણ દર્દીઓની સેવા, દવાઓનું સંચાલન, ઈન્જેક્શન, મોનીટરીંગ અને દર્દીઓના સગાઓને માર્ગદર્શન આપવાની કામગીરી નર્સો નિષ્ઠાપૂર્વક બજાવી રહ્યા છે. ઘણા વખત સ્ટાફની અછત હોવા છતાં નર્સો વધારાની ફરજ બજાવતા હોવાના ઉદાહરણો પણ સામે આવે છે.

નર્સિંગ કાઉન્સિલના ઉપપ્રમુખ ઈકબાલ કડીવાલાએ જણાવ્યું હતું કે આ વર્ષે અવર નર્સિસ અવર ફ્યુચરની થીમ પર ઉજવાશે. હોસ્પિટલમાં દર્દીઓની સારવારમાં ડોક્ટરો પછી સૌથી મહત્વની ભૂમિકા ભજવતો વર્ગ એટલે નર્સિંગ સ્ટાફ. દર્દીઓની સતત દેખરેખ, દવા, સારવાર, કાળજી અને માનસિક સંભાળમાં નર્સો દિવસ-રાત ખડેપગે ફરજ બજાવી રહી છે. ડોક્ટરો સાથે ખભેખભા મિલાવી તેઓ કોઈપણ પ્રકારના ડર કે પોતાના જીવની પરવા કર્યા વગર દર્દીઓની સેવા કરી રહ્યા છે. નર્સો માત્ર સારવાર પૂરતી મર્યાદિત નથી રહેતી, પરંતુ દર્દીઓની સેવાચાકરી અને માનસિક સહારો આપવા પણ હંમેશા આગળ રહે છે. પ્લેગ, પૂર, વાવાઝોડા, ભૂકંપ અને કોરોના જેવી આફતો દરમિયાન નર્સિંગ સ્ટાફે અદભૂત કામગીરી કરી હતી. રાજ્ય કે દેશના અન્ય ભાગોમાં સર્જાયેલી હોનારતોમાં પણ નર્સો સેવા માટે દોડી ગઈ હતી. દયાની દેવી ગણાતી નર્સિંગ બહેનોના વાણી, વર્તન અને વ્યવહારમાં હંમેશા પારિવારિક લાગણી જોવા મળે છે.

પીપીઈ કીટમાં ડાઈપર પહેરી ૮-૮ કલાક ફરજ બજાવી



સુરત નવી સિવિલ હોસ્પિટલમાં છેલ્લા 26 વર્ષથી સેવા બજાવતા અને મૂળ બારડોલીના વતની હેડ નર્સ સાજીદાબેન ચાંદએ કોરોના કાળના કપરા દિવસોને યાદ કરતાં જણાવ્યું હતું કે, કોરોના મહામારી દરમિયાન આરોગ્ય કર્મચારીઓએ પોતાની જાતની પરવા કર્યા વગર સતત દર્દીઓની વચ્ચે રહી કામગીરી કરી હતી. કોરોના સંક્રમણના ડર અને સતત વધતા કેસોની વચ્ચે પીપીઈ કીટ પહેરીને કલાકો સુધી ફરજ બજાવવી ખૂબ જ મુશ્કેલ બનતી હતી. 8 કલાકની ડ્યુટી દરમિયાન વારંવાર વોશરૂમ જવાની જરૂર પડતી હોવાથી કીટ ઉતારવી અને ફરી પહેરવી મુશ્કેલ હતી. તેથી અમારે પીપીઈ કીટની અંદર ડાઈપર પહેરીને સતત કામ કરવું પડતું હતું, એમ સાજીદાબેને જણાવ્યું હતું. તેમણે વધુમાં કહ્યું કે, કોરોના કાળ દરમિયાન સંક્રમિત મહિલા દર્દીઓની ડિલિવરી પણ કરાવવામાં આવતી હતી. ગંભીર પરિસ્થિતિ વચ્ચે અનેક મહિલાઓના સિઝેરિયન ઓપરેશન પણ કરાવવામાં આવ્યા હતા.

નવ માસના સંતાનને ઘરે મૂકી ફરજ બજાવે છે સુશીલાકુમારી



સુરત મૂળ માંગરોળ તાલુકાના લિમોદ્રા ગામના વતની સુશીલાકુમારી હાલમાં જ પ્રસૂતિ રજા પૂર્ણ કરીને ફરી હોસ્પિટલમાં ફરજ પર હાજર થયા છે. તેમનું સંતાન માત્ર નવ માસનું છે, છતાં દર્દીઓની સેવા માટે તેઓ રોજ પોતાના બાળકને ઘરે મૂકીને હોસ્પિટલ પહોંચે છે. સુશીલાકુમારી જણાવે છે કે, એક માતા તરીકે નાનકડા બાળકને ઘરે મૂકીને આવવું ખૂબ મુશ્કેલ હોય છે. પરંતુ જ્યારે હું સિવિલ હોસ્પિટલના ઉંબરે પગ મૂકું છું ત્યારે દર્દીઓની સેવા જ મારી પ્રથમ પ્રાથમિકતા બની જાય છે. માત્ર પોતાના બાળક પૂરતી જ નહીં, પરંતુ અન્ય નવજાત બાળકો માટે પણ સુશીલાકુમારી મમતાનું અનોખું ઉદાહરણ પૂરું પાડી રહ્યા છે. તેઓ નવી સિવિલ હોસ્પિટલની 'મિલ્ક બેંક'માં નિયમિતપણે પોતાના બ્રેસ્ટ મિલ્કનું દાન કરે છે. તેઓ કહે છે કે, "જે બાળકોની માતા હયાત નથી અથવા જેમને પૂરતું માતાનું દૂધ મળતું નથી, તેમના માટે બ્રેસ્ટ મિલ્ક જીવનદાયી સાબિત થાય છે. માતાનું દૂધ બાળકની રોગપ્રતિકારક શક્તિ વધારે છે

આજે બેગમપુરાથી બળિયાદેવ બાપજીની ભવ્ય શોભાયાત્રા નીકળશે

યાત્રા સુરતના વિવિધ વિસ્તારોમાં ફરી સણિયાહેમાદ ખાતે પહોંચશે

રાણા સમાજનાં આજે ઠંડુ ભોજન આરોગશે

સુરત : સુરતના રાણા સમાજ દ્વારા ગત સપ્તાહ બાદ આવતીકાલે ફરી બળીયાદેવ બાપજીની ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આવતીકાલની શોભાયાત્રા બેગમપુરાથી નીકળશે અને સણિયાહેમાદ ખાતે પહોંચશે. ઢોલ-નગારા અને ભજનમંડળીઓના સથવારે આ શોભાયાત્રા સુરતના વિવિધ વિસ્તારોમાં ફરશે.

હજુ ગત મંગળવારે જ નવાપુરા વિસ્તારથી ઉધના મંદિર સુધી બળીયાદેવ બાપજીની શોભાયાત્રા કાઢવામાં આવી હતી, જેમાં માનવ મહેરામણ ઉમટ્યું હતું. હવે આવતીકાલની યાત્રા માટે

બેગમપુરા, સલાબતપુરા અને રાણા શેરી સહિતના વિસ્તારોમાં શણગાર કરવામાં આવ્યા છે. 80 વર્ષ જૂની આ પરંપરા આજે પણ નવી પેઢીના યુવાનો એટલા જ જોશ સાથે નિભાવી રહ્યા છે, જે સુરતની સાંસ્કૃતિક વિરાસત નું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. આવતીકાલની આ ભવ્ય યાત્રામાં સુરતભરમાંથી રાણા સમાજના લોકો ઉમટી પડશે. ભારે ગરમીમાં આવતીકાલે વહેલી સવારે નીકળનારી આ શોભાયાત્રામાં જોડાનાર શ્રદ્ધાળુઓની સુવિધા માટે રાણા સમાજના અગ્રણીઓ અને વિવિધ યુવક મંડળો દ્વારા રૂટ પર ઠેર-ઠેર સેવા કેન્દ્રો ઉભા કરવામાં આવ્યા છે. બેગમપુરાથી નીકળી આ યાત્રા મધ્ય સુરતના વિવિધ વિસ્તારોમાં ફરતી ત્ર્યંબકનાથ મંદિર ખાતે પહોંચશે, જ્યાં બળીયાદેવ બાપાજીની વિશેષ આરતી અને પૂજા-અર્ચના કરવામાં આવશે. ત્યારબાદ આ શોભાયાત્રા આગળ વધીને સણીયાહેમાદ ખાતે સંપન્ન થશે.

રાણા સમાજની આ શોભાયાત્રા ની સૌથી વિશિષ્ટ અને અનોખી બાબત તેની પરંપરાગત ખાનપાન શૈલી છે. આ દિવસે આખો રાણા સમાજ અનેરી રીતે બળિયા દેવબાપજી ની ભક્તિ કરે છે. યાત્રાના દિવસે પરિવારના તમામ સભ્યો રાંધેલું તાજુ ભોજન લેવાને બદલે આગલા દિવસે બનાવેલું 'ઠંડુ ભોજન' ગ્રહણ કરે છે. દાયકાઓથી ચાલી આવતી આ પરંપરા પાછળ ધાર્મિક શ્રદ્ધાની સાથે સાથે ઋતુ પરિવર્તન સમયે સ્વાસ્થ્ય જાળવવાનો વૈજ્ઞાનિક અભિગમ પણ છે.